R.N.I. No. : GUJGUJ/2000/447-  અંક ૪૦ : ૧૯  Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)-(ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 33 DATE: 18-08-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ચાર રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીઓ સાથે લોકસભાની ચુંટણીઓ શક્ય છે : ચુંટણી પંચ

પહેલી વખત નન્નૈયો ભણનાર ચુંટણી પંચે હવે ચાર રાજ્યોમાં ડિસેમ્બરમાં એક સાથે ચુંટણી કરવવા સક્ષમ છે પરંતુ તે માટે લોકસભાની ચુંટણી વહેલી યોજવી પડશે તેવું ચીફ ઈલેકશન કમિશ્નર ઓ.પી. રાવતે કહ્યુ હતું.મધ્યપ્રદેશ,રાજસ્થાન, છત્તીસગઢ અને મીઝોરામમાં વિધાનસભાની ચુંટણી સાથે ડિસેમ્બરમાં લોકસભાની ચુંટણીઓ યોજાય તે માટે ચુંટણી પંચ તૈયાર છે તેના જવાબમાં તેમણે હકારમાં જવાબ આપ્યો હતો.પહેલા ચુંટણી પંચે નકારમાં જવાબ આપ્યો હતો અને હવે હકારમાં જવાબ આપીને ચુંટણી પંચ પોતાની આગવી ઓળખ મીટાવી રહ્યું છે.નીતિ નિયમોમાં સુધાર લાવીને ચુંટણી કરી શકાય તેવો જવાબ વાળીને સત્તા સ્થાને બેઠેલાને શું કરવું તેનો અણસાર આપી દીધો છે.ઈવીએમ મશીનોની સાથે વીવીપેટ તૈયાર થાય તો તેનાથી વિશ્વસનીયતા ઉભી થઇ જશે તેમ માનવું ઉતાવળે માનવા જેવું છે.ઈવીએમ મશીનમાં ઉભી થયેલી શંકાનું સમાધાન શક્ય નથી તેમ લાગે તો ચુંટણી પંચ વિકલ્પ શોધશે તેનો જવાબ તેમણે આપવો જોઈએ.લોકશાહીના હિતમાં અને મતદારોના હિતને લક્ષમાં રાખીને ચુંટણી કરવી ચુંટણી પંચ માટે આવશયક છે.સત્તાધારી પક્ષની કઠપુતળી બનીને કામગીરી કરવી જરુરી નથી.

## અમેરિકાના ૩૦૦ અખબારો ટ્રમ્પ દ્વારા અખબારી સ્વાતંત્રતા પર થઇ રહેલા હુમલાનો જવાબ આપશે

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મીડીયા સંગઠનોને અમેરીકી પ્રજાના શત્રુ કહી રહ્યા હોવાનો વિરોધ કરવા અમેરીકાના ૩૦૦ અખબારોએ અખબારી સ્વાતંત્રને મુદ્દે સંપાદકીય લખવાનો નિર્ણય કર્યો છે.ન્યુયોર્ક ટાઈમ્સ ઉપરાંત વર્ષ ૨૦૧૬ની ચુંટણીઓમાં ટ્રમ્પ જે રાજયોમાં વિજયી થયા હતા તે રાજયોના નાના અખબારોને સામેલ રાખતાં બોસ્ટન ગ્લોબ એડીટોરીયલ બોર્ડે પ્રેસની આઝાદીને મુદ્દે સંપાદકીય લખવા ફેસલો કર્યો છે.બોસ્ટન ગ્લોબ એડીટોરીયલ બોર્ડે ઓનલાઈન પોસ્ટમાં ટ્રમ્પ પર તેઓ ફ્રી પ્રેસ પર હુમલા કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. પોસ્ટમાં જણાવવામાં આવ્યુ હતું કે અમેરિકાની મહાનતા શક્તિશાળી સત્તાધારી સામે સત્ય બોલવાની પ્રેસની આઝાદીમાં છે.પ્રેસને અમેરિકાની પ્રજાનો શત્રુ ચિતરવો તે અમેરિકન મુલ્ય નથી. ટ્રમ્પ પ્રેસ સાથે વિરોધપક્ષ જેવું વર્તન કરીને અહેવાલોને ફેક ન્યુઝ કહી રહ્યા છે. ટાઉનહોલડોટકોમ નામની વેબસાઈટ પર પોસ્ટ મુકાયા બાદ કેટલાક નકારાત્મક ટિપ્પણીઓ પર આવી હતી. કેટલાક યુઝર્સે અખબારો ટ્રમ્પ સાથે ટકરાવભરી સ્થિતિ સર્જી રહ્યા છે.કેટલાક યુઝર્સે એવી ટિપ્પણી આપી હતી તેઓ ૧૬ ઓગષ્ટે ન્યુઝપેપર બોક્ષમાં નાણાં નહી નાખે.સેનેટર જેફ ફ્લેકે જણાવ્યુ હતું કે ટ્રમ્પ રશિયન સરમુખ્યતાર જોસેફ સ્તાલિનની ભાષા અનુસરી રહ્યા છે.

## આસામમાં લોકોના ટોળાંએ પશુચોર માનીને એકની હત્યા કરી

સુપ્રીમ કોર્ટે જેની આકરી ટીકા કરી છે તે ટોળા દ્વારા થતી હત્યા.પરંતુ હજુ સુધી તેનો નિવેડો આવ્યો નથી.આસામના વિશ્વનાથ જિલ્લામાં પશુચોર માનીને લોકોના ટોળાંએ હુમલો કરતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.આ દેશમાં મોબ લિંચિંગની વધુ એક ઘટના બની છે.કેટલાક લોકો ગાય ચોરીને ભાગ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.નંબર પ્લેટ વગરની ઓટો વાનમાં તેઓ ભાગી રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ બુમો પાડતાં તેમને ઘેરી લેવામાં આવ્યા હતા.ત્યારબાદ ચોર માનીને તેમને ફટકારવામાં આવતાં એક વ્યક્તિનુંમોત નિપજ્યું છે.જો કે આ ઘટનામાં હજુ સુધી કોઈની ધરપકડ થઇ નથી.આસામમાં ટોળાઓ દ્વારા હુમલાની અનેક ઘટનાઓ બની છે.

## ભારતના સૌ પ્રથમ સફળ ક્રિકેટ કેપ્ટન અજીત વાડેકરનું નિધન



ભારતીય ક્રિકેટના સૌથી લોકપ્રિય અને ભારતને વિદેશોમાં સફળતા અપાવીને અમર બની ગયેલા કેપ્ટન અજીત વાડેકરનું ૧૫મી ઓગષ્ટે મુંબઈ ખાતે ૭૭ વર્ષની ઉમરે નિધન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા.ભારતીય ટીમ વિદેશની ધરતી પર જીતી શકે તેની પ્રતિતી તેમણે કરવી હતી.૧૯૬૭-૬૮માં ભારતે પહેલી વાર વિદેશની ધરતી પર વિજય મેળવ્યો હતો અને સીરીઝ જીતી હતી.તે સફળતા તેમણે ન્યુઝીલેન્ડમાં મેળવી હતી.ભારતે ઈંગ્લેન્ડ કે વેસ્ટ ઈન્ડીઝમાં જીતી શક્યું નહોતું પરંતુ ૧૯૭૧માં ભારતના બે વિદેશી પ્રવાસો દરમિયાન વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડમાં જીત મેળવી હતી.

## ભારતના ભુતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇનું ૯૩ વર્ષની વયે નિધન



ભારતીય રાજકારણના કરિશ્માઈ નેતા,કવિ તેમજ રાજનીતિજ્ઞ તેમજ ઉદારવાદી તરીકે તેમની ઓળખ એવા ભારતીય જનતા પાર્ટીના નેતા તેમજ દેશના ભુતપુર્વ વડાપ્રધાનનું ૯૩ વર્ષની વયે નિધન થયું હતું.તેમના નિધનથી તેમના અનુયાયીઓ અને દેશના અનેક ચાહકોને દુઃખ પહોચ્યું છે.આજે ભાજપ સત્તામાં છે તેની પાછળ તેમનો ભવ્ય પુરુષાર્થ હતો.તેમણે રાજકારણને આદર્શ રાજકારણ બનાવવાની કોશીસ કરી હતી જો કે તેમના અનુયાયીઓએ તેમના પથ પર ચાલવા માટે પ્રયાસ કર્યો નથી.તેમણે રાજકારણનો ધર્મ અને તેના મુળભુત સિધ્ધાન્તોનું પાલન કરવાની આજના નેતાઓને શીખ આપી હતી પરંતુ તે તેમના ગળે ઉતરી નહોતી.અટલજીના નિધનથી રાજકારણમાં ન પુરાય તેવી ખોટ પડી છે.એક શુન્યઅવકાશ ઉભો થયો છે અને તે હવે ક્યારેય પુરાય નહીં તેવી ભીતી છે.તેમણે વડાપ્રધાન તરીકે ત્રણ વખત સુકાન સંભાળ્યુ હતું. ગઠબંધનની સરકાર ૧૩ દિવસ ચાલી,બીજી વખત ૧૩ મહીના ચાલી અને ત્રીજવખત પુરા પાંચ વર્ષ સુધી ચાલી. તેઓ ૧૨ વખત સાંસદ તરીકે લોકસભામાં ચુંટાયા હતા.તેઓ ગ્વાલીયરમાંથી માધવરાવ સિંધિયા સામે ૨ લાખ મતોથી હારી ગયા હતા.આ એકમાત્ર ચુંટણી તેઓ હાર્યા હતા.તેમની યાદગીરી અને સન્માન માટે દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

## ન્યુઝીલેન્ડમાં વિદેશીઓ પર ઘર ખરીદવા પર પ્રતિબંધ

ન્યુઝીલેન્ડમાં વિદેશી પર ઘર ખરીદવા પર સરકાર બે મહિનામાં પ્રતિબંધ અમલી મુકતો કાયદો લાવશે. ઘર ખરીદવાનો મનસુબો એશીયન લોકોમાં વધુ પ્રચલિત છે.પરિણામે ન્યુઝીલેન્ડમાં એશીયનોએ સારા પ્રમાણમાં ઘરો ખરીદી લીધા છે.સરકારનું એવું માનવું છે કે ન્યુઝીલેન્ડવાસીઓને ઘર ખરીદવામાં તકલીફો ના પડે તે માટે વિદેશી ગ્રાહકો પર પાબંદી લગાવવી જરુરી છે.હાલમાં વિદેશી ગ્રાહકોને કારણે મિલ્કતોના ભાવો ઉંચકાઈ ગયા છે.વિદેશી ખરીદદારોની સીમા નક્કી કરવા ણાટે ઓવરસીઝ ઈન્વેસ્ટમેન્ટ બીલ સંસદે પસાર કર્યુ હતું.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

વરસાદી સિઝનની બોલબાલા હોય છે.કેરળમાં વરસાદે ભારે તારાજી સર્જી નાંખી, લોકોના જીવન અસ્તવ્યસ્ત થઈ ગયા.રાજયમાં માલમિલ્કતને૮૩૧૬ કરોડથી વધુ નુકશાન થયું છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ,પશ્ચિમ બંગાળ,આસામ ,મણીપુર,ઓડીસા, છત્તીસગઢ,બિહાર અને ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદે કહેર મચાવ્યો પરંતુ મધ્ય ગુજરાત વરસાદ માટે તરસી રહ્યુ છે. કુદરતનો ખેલ સમજવો ભાર અઘરો છે.

હિમાચલ પ્રદેશમાં સિમલામાં ૧૧૭ વર્ષનો રેકોર્ડ તુટ્યો હતો.૧૩ ઓગષ્ટે ૧૧૭ વર્ષ પછી એકજ દિવસમાં સૌથી વધુ વરસાદ ૧૭૨.૬ મી.મી. પડ્યો હતો. અમદાવાદમાં છેલ્લા પંદર દિવસથી ભારે વરસાદ તુટી પડે તેવું વાતાવરણ બને છે પરંતુ માત્ર થોડાક છાંટા સિવાય કંઈ થતું નથી.

હવે માત્ર થોડાક દિવસોનો સમય બાકી છે કે જેમાં વરસાદની શક્યતાઓ છે પરંતુ વાતાવરણ એવું દર્શાવે છે કે અમદાવાદના વિસ્તારોમાં વરસાદની અછત રહેશે.અને લોકો વરસાદની વાતાવરણને માટે તરસ્યા રહેશે.

## મંતવ્ય

રાજકારણમાં જે રીતે હોર્સ ટ્રેડીગની પ્રક્રિયા ધીમે ધીમે અસ્તિત્વમાં આવી રહી છે. તે લોકશાહીના માળખાના મુળમાં ઘા કરે છે.મેન્ડેટની વિરુદ્ધમાં પક્ષ પલ્ટો એ પણ લોકશાહી તોડી નાંખવાની પ્રક્રિયા છે.પરંતુ સત્તા મેળવવાની લ્હાયમાં આ બધુ જેને આપણે નૈતિકતા અને લોકશાહીના માપદંડો કહીએ છીએ તેને કોઈ અસર થતી નથી.ખરેખર તો અડધી રાત્રે ઉઘાડીને સંસદમાં જે કંઈ દેખાડો થાય તેના કરતાં સંસદમાં શું કહેલું તેને યાદ કરીએ તો બ્રિટનના વડાપ્રધાન વિન્સન્ટ ચર્ચીલે ભારતને આઝાદી આપતાં ભવિષ્યમાં શું થશે તેનો ચિતાર બ્રિટનની સંસદને આપ્યો હતો.આપણા દેશના નેતાઓએ આ રાજકીય પુરુષે ભારતની લોકશાહીમા શું થશે તે બાબતે જે પોતાના વિચારો રજુ કર્યા હતા તે હાલની પરિસ્થિતિમાં એકદમ સાચા છે.ભવિષ્યકથનો કહેવા કરતાં એવું કહેવું જોઈએ કે ચર્ચિલના ગોલ્ડન વર્ડ ફોર ઈન્ડીયન ડેમોક્રેસી.તેમણે માત્ર ભારતની લોકશાહી જ નહીં ભારતના રાજકારણીઓ કેવા આવશે અને તેવો કેવા પ્રકારના ચારિત્ર્ય ધરાવતા હશે તેનો પણ ઉલ્લેખ કરેલો.તેમણે કહેલું કે તમામ પ્રકારના ભ્રષ્ટાચારથી ભરેલા રાજકારણીઓની ભરમાર દેશની લોકશાહીને ભરખી જશે.ચોર, લુંટારા,ડાકુઓ,પિંઢારાઓની જમાત દેશને ભરડો લેશે અને સામાન્ય નાગરિક બેહાલ બની જશે,જેને આપણે આઝાદી આપવાની વાત કરીએ છીએ.આઝાદી એવા લોકો જેમને ઉપર ગણાવ્યા તેમને મળશે.ખેર, હજુ પણ મોદી પાસે આપણે સાચી લોકશાહી માટે અપેક્ષા રાખીએ.

જયંત પી પરમાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સુપ્રીમ કોર્ટમાં નવા નિમાયેલા જજ જોસેફની સિનીયોરીટી સાથે ચેડાં કરતાં સરકાર સામે સુપ્રીમ કોર્ટના જજો નારાજ થયા

કેન્દ્ર સરકારે અગાઉ સુપ્રીમ કોર્ટના જસ્ટીસ તરીકે તદે.એમ. જોસેફની નિયુક્તિને ફગાવી હતી. કોલેજીયમે ફરી તેમના નામની ભલામણ કરતાં આખરે તેમની સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિ કરવી પડી.પરંતુ તેમની સુપ્રીમના જુનિયર જસ્ટીસ તરીકે નિયુક્તિ થતાં કોર્ટના જજોની છાવણીમાં નારાજગી સર્જાઈ છે.સરકારના નોટિફીકેશન મુજબ જોસેફની અન્ય બે જજો જસ્ટીસ ઈન્દીરા બેનરજી અને વિનીત સરણના જુનિયર તરીકે નિમણુંક કરાઈ છે.આને કારણે જસ્ટીસ ગ્રુપમાં અસંતોષ વ્યાપ્યો છે. સરકારે જોસેફની સિનિયોરીટીને બદલતાં કેટલાક જજો નારાજ થયા છે.કેન્દ્ર સરકારે સિનિયોરીટી સાથે કરેલા ચેડાનો વિરોધ કરવા માટે તેઓ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયાને મળીને રજુઆત કરવા વિચારી રહ્યા છે.જજોની નિયુક્તિમાં આ પ્રકારની સરકારની દખલગીરીને જજોએ ગેરવાજબી અને અન્યાયી ગણાવી હતી.

એક જજે ટીવી ચેનલ પર કહ્યુ હતું કે આ સરકાર દ્વારા કોર્ટના મામલામે ખુલ્લેઆમ દખલગીરી છે. જસ્ટીસ જોસેફનું નામ કોલેજીયમ દ્વારા ઘણું વહેલું અને સૌથી પહેલાં રજુ કરાયું હતું. આથી નિયુક્તિના નોટીફીકેશનમાં તેમનું નામ સૌથી પહેલું હોવું જોઈતું હતું.તેમનું નામ ત્રીજુ મુકીને અન્ય બે જજોને તેમના સીનીયર બનાવી દેવાયા છે.આમેય જસ્ટીસ જોસેફની સુપ્રીમમાં નિયુક્તિ અંગે ઘણા લાંબા સમયથી જંગ ચાલતો હતો.સરકારે તેમના નામની અગાઉની ભલામણને ફગાવી દીધી હતી. કોલેજીયમ દ્વારા તેમના નામની ફરી ભલામણ કરવામાં આવતાં સરકારે તેને સ્વીકારવાની ફરજ પડી છે.

ભુતકાળમાં એનડીએ સરકારે લીધેલા કેટલાક પગલાંની વિરુધ્ધ જોસેફ જજમેન્ટ આપ્યા હતા તેના કારણે એનડીએની સરકાર તેનો બદલો લેવાના હેતુથી તેમને નિયુક્તિ આપવામાં કાગારોળ કરતી હતી.કોલેજીયમ પર પણ વારંવાર તેમણે હુમલા કર્યા પરંતુ તેમાં ફાવ્યા નહીં અને આખરે જોસેફને નિયુક્તિ આપવી પડી પરંતુ જેમની પાસે કોઈપણ રીતે તેમને કનડગત કરવાની વૃત્તિ હતી તેમણે આખરે સીનીયોરીટી માં તેમને ડંખ્યા છે.

# સુપ્રીમમાં જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતાં આર્ટીકલ ૩૫ની સમીક્ષા : કાશ્મીરમાં તેનો જડબેસલાક વિરોધ

બંધારણના આર્ટીકલ ૩૫એને રદ કરવાની માંગ કરતી અરજીઓની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં હાથ ધરવામાં આવનાર છે.પરંતુ તે પહેલાં કાશ્મીર ખીણમા અલગતાવાદીઓ દ્વારા અપાયેલા બે દિવસના બંધના એલાનને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું હતું.હડતાલને પગલે કાશ્મીરમાં બજારો બંધ રહ્યા હતા.બિઝનેસ સંસ્થાનો બંધ રહ્યા અને સડક પરથી તમામ વાહનો અદ્રશ્ય થઈ ગયા હતા.રેલ્વેએ બે દિવસ માટે ટ્રેન સેવાઓ સ્થગતિ કરી દીધી હતી.

છેલ્લા ૩૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વાર શ્રીનગરમાં ઓટોરીક્ષાઓ બંધ રહી હતી.દાલ સરોવરમાં શિકારા બંધ રાખવામાં આવ્યા હતા.સમગ્ર કાશ્મીરમાં સંવેદનશીલ સ્થળો એ સુરક્ષાદળો ખડકી દેવાયા હતા.સ્થાનિકોમાં સુપ્રીમમાં ચાલનારી સુનાવણી અંગે ભય પ્રવર્તી રહ્યો છે.શિકારા માલિક જાવેદ અહેમદના જણાવ્યા મુજબ અમારો વિશેષ દરજ્જો છિનવાઈ જશે તેયો ભય જનતામાં છે.તેમને ભય છે કે બહારના લોકો માટે અમારી જમીનો અને સંપત્તિ ખરીદવાનો માર્ગ ખુલ્લો થઈ જશે.

ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી ઉચ્ચારી છે કે જો સુપ્રીમ કોર્ટે દ્વારા આર્ટીકલ ૩૫એની વિરુધ્ધમાં ચુકાદો અપાશે તો રાજયના પોલીસદળમાં બળવો સર્જાઈ શકે તેમ છે.અને રાજયમાં વ્યાપક અંધાધુંધી સર્જાવાની સંભાવના છે.સુપ્રીમનો ચુકાદો પોલીસ દળમાં વિપરિત પરિણામો લાવી શકે છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## જાણવા જેવું

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઈગલ)છે.

સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.

બોઈંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સ્વરાજથી સુરાજ્યની દિશામાં ગુજરાત અગ્રેસર

શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત

શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી,ગુજરાત

## સ્વાતંત્ર પર્વની સૌને હાર્દિક શુભકામના

## ૭૨મું સ્વાતંત્ર પર્વ

### અકસ્માતમાં ઇજાગ્રસ્તને મળશે રૂ.૫૦,૦૦૦ સુધીની તાત્કાલિક સારવાર

હવે ગરીબ કે મધ્યમવર્ગનો ઇજાગ્રસ્ત દર્દી તાત્કાલિક સારવારના અભાવે જીવન નહીં ગુમાવે : રાજ્ય સરકારનો સંવેદનાસભર અભિગમ દુડકાયના કોઇપણ વિસ્તારમાં અકસ્માતમાં ઇજા ૫ ામેલા વ્યક્તિને આવકમર્યાદા વિના સરકારી કે ખાનગી હોસ્પીટલમાં પ્રથમ ૪૮ કલાક સુધી રૂ.૫૦,૦૦૦ સુધીની સારવાર

**મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાઃ**

સરકાર તરફથી સ્નાતકને માસિક રૂ.૪૫૦૦,ડિપ્લોમાં ધારકને માસિક રૂ.3૫૦૦ અન્યને માસિક રૂ.3૦૦૦ની સહાય મળશે લાભ

**મા અને વાત્સલ્ય યોજના :**

ગરીબ-મધ્યમવર્ગના દર્દીઓને સારવારમાં રાહત : આવકમર્યાદા વધારીને ૩ લાખ કરાઇ
૧૯૧૦ કકરોડની રકમના ૧૨.૧૦ લાખથી વધુ લાભાર્થીઓના દાવાઓ મંજુર કરાયા
રૂ. ૬ લાખની આવક ધરાવતા કુટુંબની સીનીયર સીટીઝનને પણ મળે છે લાભ

**આદિજાતિ વિકાસ :**

પેસા એક્ટની જોગવાઇઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જલ-જમીન અને ગૌણ પેદાશનોના એકત્રીકરણના આપ્યા અધિકારો આદિવાસીઓના બંધારણીય અધિકારોના રક્ષણ માટે રાજ્ય સરકારની કટિબધ્ધતા : આદિજાતિ પ્રમાણપત્ર માટેનો કાયદો ગુજરાત વિધાનસભામાં પસાર.
વનબંધુ કલ્યાણ હેઠળ એકલવ્ય મોડલ ર`સીડેન્શીયલ સ્કુલ જેવી શાળાઓની સંખ્યા ૭થી વધારીને ૯૧ થઇ :3૨૦૦૦ વિદ્યાથીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ

**પ્રજાજનોને લગ્નપ્રસંગે સસ્તી અને સલામત બસ સેવા :**

લોકોની સલામતી અને સગવડ વધે તે દિશામાં સરકારનું લાગણીશીલ પગલું
૨૦કી.મી.સુધીના આવવા જવાના પ્રવાસ માટે રૂ.૧૨૦૦,૪૦ કીમી. સુધી રૂ.૨૦૦૦ અને ૬૦ કી.મી.સુધી 3૦૦૦

**જનભાગીદારી વડે જળસંચયનું વિરાટ અભિયાન**

૧૩૦૦૦ થી વધુ તળાવો-ચેકડેમો ઉંડા કરાયા : ૧૮૫૨૫ જળસંચયના કામો પુર્ણ
૫૪૦૦ કી.મી. લંબાઇની નહેરોની સફાઇ અને મરામત કરવામાં આવી
૧૨૦૦૦ લાખ ઘનફુટથી પણ અધિક પાણીનો થશે સંગ્રહ

**સેવા સેતુ કાર્યક્રમનો ચોથો તબક્કો**

સાચો લાભાર્થી સરકારી સહાયથી વંચિત ન રહી જાય તે માટે સેવાસેતુ કાર્યક્રમના ચોથા તબક્કાનો તા. ૨૪-૮-૨૦૧૮ના રોજથી રાજ્યવ્યાપી પ્રારંભ
પ્રથમ તણ તબક્કામાં એક કરોડથી વધુ નાગરિકોની રજુઆતોનો ઘરઆંગણે ઉકેલ

**મહિલા સુરક્ષા માટે વધુ કદમ**

મંગળસુત્ર/ચેઇનની ચીલઝડપની ઘટનાઓને અંકુશમાં લેવા વટહુકમ
ચીલઝડપનો પ્રયત્ન કરનારને ૫ થી ૧૦ વર્ષની સજા કેદ અને રૂ. ૨૫ હજારનો દંડ
મહિલાઓની સુરક્ષા માટે ગુજરાત સરકારની પહેલ : ૧૮૧ અભયમ મોબાઇલ એપ્લીકેશન
એન્ડ્રોઇડ બેઝ ૧૮૧ અભયમ એપ્લીકેશનના માધ્યમથી પીડીત મહિલાના ઘટના સ્થળનું લોકેશન ત્વરીત મદદ માટે પોલીસ ખાતાને તરત મળી જાય છે.

**સુરક્ષાની દિશામાં નક્કર પગલાં**

ગૌવંશ હત્યા કરનારને હવે આજીવન કેદની સજા અને ૫ લાખ સુધીના દંડની જોગવાઇ
ગૌવંશ હત્યા માટે ગેરકાયદેસર હેરફેરમાં વપરાશમાં લેવાયેલ વાહનો જપ્ત કરાશે.
સાંજના ૭ થી સવારના ૫ વાગ્યા સુધી ગૌવંશ હેરફેર પર સંપુર્ણ પ્રતિબંધ
ગુજરાતના યુવાધનને બચાવવા માટે હુક્કા બાર પર પ્રતિબંધ
યુવાનો દારૂની લતે ન ચડી જાય અને તંદુરસ્ત જીવન જીવે માટે કડક નશાબંધીના કાયદાનો ચુસ્ત અમલ

**પારદર્શક અને ભ્રષ્ટાચારયુક્ત વહીવટની દિશામાં રાજ્ય સરકારના અનેક કદમ :**

ભ્રષ્ટાચારની બદીને નેસ્તનાબુદ કરવા લાંચ રુશવત વિરોધી દળ આધુનિક સુવિધાઓથી સજ્જ બન્યું.
રાજ્ય સરકારના મહત્વના વિભાગોની કામગીરી ઉપર સીએમ ડેશબોર્ડ વડે મુખ્યમંત્રીશ્રીનું સીધું નિયંત્રણ અને દેખરેખ

**રાજ્યસરકારની તમામ ખરીદી જીઇએમ પોર્ટલ પરથી કરવાનો નિર્ણય**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ**

**સ્નાતકો માટે રોજગારી માચે રૂ.૧૦ લાખની લોન**

**ખેડુત હિતકારી સુર્યશક્તિ કિસાન યોજના**

**દબાણ હટાવ ઝુંબેશ**

**અનુસુચિત જાતિ કલ્યાણ**

# પર્સનલ ડેટા એકત્ર અને શેયર કરવા માટે નાગરિકની સહમતી ફરજીયાતઢ જસ્ટીસ શ્રીકૃષ્ણા પેનલે તેની ભલામણો સરકારને સુપ્રત કરી

વિશ્વમાં અંગત માહિતીના દુરપયોગના બનાવો સામાન્ય બની ગયા છે.અને વિશ્વની સરકારોએ ડેટા બ્રીચ સામે બાંયો ચઢાવી છે.ત્યારે સુપ્રીમ કોર્ટના પુર્વ જજ બી.એન.કૃષ્ણાના વડપણ હેઠળની નિયુક્ત પેનલે દેશમાં પહેલી વાર નાગરિકોને પ્રાઇવસીનો અધીકાર આપતાં પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ ૨૦૧૮ મુસદ્દા ખરડાને સરકારને સોંપી દીધો હતો.જે ટુંક સમયમાં લોકસભામાં રજુ કરવામાં આવશે.આ ખરડો ભારતનો પહેલો ડેટા પ્રાઇવસી કાયદો બની રહેશે.જસ્ટીસ શ્રીકૃષ્ણાની પેનલે લગભગ એક વર્ષની લાંબી કવાયત બાદ આ ખરડો તૈયાર કર્યો છે.પેનલે ભારતીય નાગરિકોની અંગત માહિતીની સુરક્ષા,ભુમિકા અને ડેટા પ્રોસેસર્સની ફરજો માટે વિવિધ ભલામણો કરી છે. કાયદાની જોગવાઇઓ નું ઉલ્લંઘન કરનારી કંપનીઓ પર આકરા દંડ લાદવાની ભલામણ પણ પેનલ દ્વારા કરવામાં આવી છે.

જસ્ટીસ બી.એન.શ્રીકૃષ્ણા પેનેલ જણાવ્યુ હતું કે નાગરિકની જાતિ,ધર્મ, રાજકીય માન્યતા, સેકસની પસંદગી અને પ્રાથમિકતા, આધાર કાર્ડમાં સમાવાતો બાયોમેટ્રીક ડેટા અને ટેકસ અંગેની માહિતી અત્યંત સંવેદનશીલ પર્સનલ ડેટા છે.અને તેનો સ્પષ્ટ સહમતી સિવાય ઉપયોગ થયો જોઇએ નહીં.ખરડામાં પર્સનલ ડેટા પ્રોસેસીંગની જોગવાઇના ઉલ્લંઘન માટે સરકાર સહિત કોઇપણ ડેટા એકઠો કરતી કંપનીને રુપીયા ૧૫ કરોડથી તેના વિશ્વવ્યાપી ટર્નઓવરના ૪ ટકા જેટલી રકમનો દંડ કરવાની જોગવાઇ કરાઇ છે.પેનલનું માનવું છે કે આ પ્રકારનો કાયદો નાગરિકની પ્રાઇવસીનું ઉલ્લંઘન કરતાં અટકશે અને નાગરિકની પ્રાઇવસીનું રક્ષણ કરશે.સ્વાયત્તતા સુનિશ્ચિત કરશે,વિકાસ પામી રહેલા ડેટા ઇકો સિસ્ટમ માટે ડેટાની પરવાનગી આપશે અને મુક્ત તથા ન્યાયી ડીજીટલ અર્થતંત્રનું નિર્માણ કરશે.ડેટા પ્રોસેસીંગની આકરી જોગવાઇઓમાંથી સરકારને બાકાત રાખવામાં આવી છે.ભલામણ સરકારને બંધનકર્તા નથી.

# ગુજરાતમાં આ વર્ષથી ૧૫ થી ૨૧ ઓક્ટો શૈક્ષણિક કાર્ય બંધ રહેશે ગુજરાત સરકારે નવરાત્રિ વેકેશનની જાહેરાત કરી

ગુજરાતની અનેક શિક્ષણ સંસ્થાઓ ૧૫ થી ૨૧ ઓક્ટો.નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે વેકેશન માણશે.ગુજરાત સરકારે આ નિર્ણયની જાહેરાત કરી હતી.સરકારના આ નિર્ણયથી નવરાત્રિમાં ગરબે ઘુમતા બાળકોથી માંડીને મોટેરાઓ સુધીના તમામને આ વેકેશનનો લાભ મળશે.જો કે દિવાળીનું વેકેશન ટુંકાવીને નવરાત્રિનું વેકશન આપવામાં આવ્યું છે.જો નવરાત્રી વેકેશન પુરુ થતાની સાથેજ પરીક્ષાઓ શરુ થવાની છે તેથી ભણનારા વિદ્યાર્થીઓ માટે તકલીફો ઉઠાવવાની છે અને ગરબાની મઝા પણ માણવાની છે. ૨૦૧૯ની આવનારી ચુંટણીઓને ધ્યાનમાં લઇને આવા અનેક લાભાલાભો પ્રજાને ઉપલબ્ધ થશે.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.
બોઇંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.
લાઇફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.
વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.
તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# અમેરિકામાં ગેરકાયદે ઘુસવાના પ્રયત્નોમાં રેફ્રિજરેટેડ ટ્રકમાંથી ભારતીયો સહિત ૭૮ થી વધુ લોકોની ધરપકડ

અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશ કરવાની પેરવી કરતાં ૧૦૦થી વધુ વિદેશી નાગરિકોને પકડવામાં આવ્યા છે.જેમાં કેટલાક ભારતીયોનો પણ સમાવેશ થાય છે.જો કે અમેરિકાના અધિકારીઓએ પકડાયેલામાંથી કેટલા ભારતીયો છે તેની કુલ સંખ્યા જણાવી નથી.અમેરિકાની બોર્ડર પેટ્રોલ એજન્સીના જણાવ્યા મુજબ ગેરકાનુની સંગઠન દ્વારા વિદેશીઓને ગરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરાવવા માટે બંધ ટ્રકોનો ઉપયોગ કરવામાં આવે છે.હાલમા જે લોકો પકડાયા છે તે ૭૮ લોકો રેફ્રિજેટેડ ટ્રકમાં હતા.ટેકસાસની બોર્ડર પર ચેકપોઇન્ટ ખાતે તેમને પકડવામાં આવ્યા હતા.તમામની ધરપકડ કરીને તેમની સામે ગેરકાયદે પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરાઇ છે.

બોર્ડર પેટ્રોલ એજન્ટ દ્વારા છેલ્લા પાંચ દિવસમાં ૧૦૦થી વધુ વિદેશી પ્રવાસીઓને પકડવામાં આવ્યા છે.હ્યુસ્ટનમાં પણ ૪૫ લોકોને પકડવામાં આવ્યા છે.બે મહિના પહેલાં આવી જ એક કાર્યવાહીમાં ૫૦થી વધુ લોકોને પકડવામાં આવ્યા હતા.અગાઉ ૧૦૦ જેટલા ભારતીયોને અમેરિકાની બોર્ડર પરથી બે ઇમીગ્રેશન સેન્ટર ખાતેથી પકડવામાં આવ્યા હતા.જેમાં મોટાભાગના પંજાબીઓ હતા.અમેરિકામાં ઇમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા અમેરીકામાં ઘુસવા માંગતા લોકોને પકડવામાં આવ્યા છે.તેઓ હોન્ડુરા, અલ સાલ્વાડોર, મેકિસકો,ગ્વાટેમાલા,આર્જેન્ટીના,ક્યુબા,નાઇજીરીયા,ભારત, ચીલી અને તુર્કીના નાગરિકોનો સમાવેશ થાય છે.

મેકસિકોની બોર્ડર પરથી અમેરિકામાં ઘુસવા માટે વિદેશીઓ મોટા પ્રમાણમાં ધસારો કરી રહ્યા છે જેના કારણે અમેરિકાના પ્રમુખે મેકસિકોની સરહદે દિવાલ ચણવાની તેમના ચુંટણી ઢંઢેરામાં વાત વણી લીધી હતી.અમેરિકામાં ગેરકાયદેસર ઘુસી જવા મોટા પ્રમાણમાં ધસારો રહ્યો છે અને ભારતીયોને તેનું આકર્ષણ છે તેમ કહેવુ ખોટુ નથી કારણકે પકડાયેલા ઘુસણખોરોમાં ભારતીયોની સંખ્યા સારી એવી છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ**


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# વિઝા પુરો થવા છતાં ૨૧,૦૦૦થી વધુ ભારતીયો અમેરિકામાં ગેરકાયદેસર રોકાણ કરી રહ્યા છે

વર્ષ ૨૦૧૭માં ૨૧,૦૦૦થી વધારે ભારતીયોના વિઝા પુરા થિ ગયા હોવા છતાં અમેરીકામાં ગેરકાયદે રોકાયા છે.અમેરિકાએ તાજેતરમાં જાહેર કરેલા હેવાલો મુજબ ગેરકાયદે રોકાણ કરવામાં ટોપટેનમાં ભારતીયોનો ક્રમ આવે છે.અમેરિકાના હોમલેન્ડ સિક્યોરીટી વિભાગે તૈયાર કરેલા વાર્ષિક અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૭માં ૧૦.૭ લાખથી વધારે ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી હતી.આ ભારતીયો બી.૧,બી.૨ વિઝા પર અમેરિકાની મુલાકાતે આવ્યા હતા.જેમનો હેતુ હરવાફરવાનો હતો તેમજ વેપાર કરવાનો હતો.જેમાંથી ૧૪,૨૦૪ ભારતીયો અમેરિકામાં રોકાઇ ગયા હતા.કુલ ૧૨,૪૯૮ ભારતીયો એવા છે જેનો કોઇ રેકોર્ડ નથી. આ તમામ ભારતીયો ગેરકાયદે અમેરિકામાં રોકાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૬માં ૧૦ લાખ ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી હતી જેમાંથી ૧૭,૭૬૩ ભારતીયો ત્યાં રોકાઇ ગયા હતા.સિક્યોરીટીના દાવા પ્રમાણે ૧૫૬,૭૨૩ ભારતીયોએ અહીં ગેરકાયદે રોકાણ કર્યું હતું.જો કે અમેરીકી સરકાર આ બાબતે થોડી વધુ ગંભીરતાથી પગલાં ભરે તો મોટી સંખ્યામો ગેરકાયદે અમેરીકામાં વસી ગયેલા લોકોને પોતાના દેશમાં પાછા ફરવું પડે તેમ છે. જેમાં મોટો સમુહ ભારતીયોનો પણ હોઇ શકે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.